/૪

સરકારી કુમાર છાત્રાલય(વિ.જા.), ખંભાત
જિ. આણંદના મકાન બાંધકામ મા
સુધારેલી વહીવટી મંજૂરી આપવા બાબત
રૂ.૭૧૫.૪૦ લાખ

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:સશપ/૧૦૨૦૧૨/ન.બા.૭૦૩/અ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૩૧/૦૮/૨૦૧૮

વંચાણમાં લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૧/૦૫/૨૦૧૩નો ઠરાવ ક્રમાંક: સશપ-૧૦૨૦૧૨-ન.બા.૭૦૩-અ.૧
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૫/૧૨/૨૦૧૩નો ઠરાવ ક્રમાંક: સશપ-૧૦૨૦૧૨-ન.બા.૭૦૩-અ.૧
(૩) માર્ગ અને મકાન વિભાગનો તા.૦૨-૦૨-૨૦૧૮નો પત્ર ક્રમાંક: બીડીજી-૪૨૨૦૧૭-૧૮૩-૫૫-ન

આ મુ ખ :

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના બાળકો માટેના સરકારી કુમાર છાત્રાલય(વિ.જા.) ભાવનગર અને ખંભાત જિ.આણંદના મકાન બાંધકામ માટે રૂ.૪૦૦.૦૦ લાખના(પ્લાન) અને રૂ.૪૦૦.૦૦ લાખ(નોનપ્લાન)ની નવી બાબતની વંચાણે લીધેલ ક્રમાંક: (૧) સામેના આ વિભાગના તા.૦૧/૦૫/૨૦૧૩ના ઠરાવથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. તે પૈકી સરકારી કુમાર છાત્રાલય(વિ.જા.), ખંભાત, જિ.આણંદના મકાન બાંધકામ માટે વંચાણે લીધેલ ક્રમાંક: (૨) સામેના આ વિભાગના તા.૦૫/૧૨/૨૦૧૩ના ઠરાવથી રૂ.૫૬૨.૨૯ લાખની સુધારેલી વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. ત્યારબાદ સરકારી કુમાર છાત્રાલય(વિ.જા.), ખંભાત, જિ.આણંદના મકાન બાંધકામ માટે વંચાણે લીધેલ ક્રમાંક: (૩) સામેના માર્ગ અને મકાન વિભાગના તા.૦૨-૦૨-૨૦૧૮ના પત્રથી રૂ.૭૧૫.૪૦ લાખના નક્શા અને અંદાજોની દરખાસ્તને સુધારેલ વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વ :

૨. પુખ્ત વિચારણાને અંતે સરકારી કુમાર છાત્રાલય(વિ.જા.), ખંભાત, જિ.આણંદના મકાન બાંધકામ માટે પુરક અંદાજો વખતે આ બાબતે પુરક ટોકન માંગણી રજુ કરી વિધાસભાની મંજૂરી મેળવી લેવાની તથા પ્રવર્તમાન એસ.ઓ.આર.ના દરને ધ્યાને રાખવાની શરતને આધિન રૂ.૭૧૫.૪૦ લાખના સુધારેલ નક્શા અંદાજોની વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૩. આ સુધારેલ વહીવટી મંજૂરી વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના તા.૦૧/૦૫/૨૦૧૩નો ઠરાવ અને વિભાગના તા.૧૧/૦૪/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: બજટ-૧૦૨૦૧૭-૧૦૧૧૧૭-બ માં દર્શાવેલ શરતોને આધિન આપવામાં આવે છે.

૪. આ અંગેનો ખર્ચ માર્ગ અને મકાન વિભાગના અંદાજપત્ર માંગણી નં-૮૪, મુખ્ય સદર- ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર-૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર- ૨૭૭ શિક્ષણ, પેટા સદર- ૪૨ મકાનો, વિગતવાર સદર: ૦૦, હેતુ સદર: ૫૩૦૦ મોટા કામ, નવા કામ- ૧૦૧ આણંદ સરકારી કુમાર છાત્રાલય વિ.જા. બાંધકામ ખંભાત હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૭/૦૮/૨૦૧૮ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઇ.એમ.ઘાંચી)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- સચિવશ્રી,
  માર્ગ અને મકાન વિભાગ, બ્લોક નં.૧૪,
  સચિવાલય, ગાંધીનગર

નકલ રવાના:

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.